# યૂના

## યૂનાનો દેવની આજ્ઞાનો અનાદર

1 અમિત્તાયના પુત્ર યૂનાને યહોવાનો એવો સંદેશો મળ્યો
કે, 2"ઉભો થા, નિનવેહના મોટા નગરમાં જા અને તેમને
ચેતવ : તમારી દુષ્ટ બાબતો મારી પાસે આવી છે."
3પરંતુ યૂના યહોવાની હજૂરમાંથી તાર્શીશ ભાગી જવાને
ઊઠ્યો અને યાફા ચાલ્યો ગયો, ત્યાં તેને તાર્શીશ જતું વહાણ
મળી ગયું. આથી તે ભાડું ચૂકવીને યહોવાથી દૂર તાર્શીશ
જવા માટે વહાણમાં ચઢી ગયો.

## ભયંકર તોફાન

4પરંતુ યહોવાએ સમુદ્રમાં ભારે પવન મોકલ્યો અને
શક્તિશાળી વાવાઝોડું થયું અને વહાણ તૂટવાના આરે હતું.
5ત્યારે ખલાસીઓ બહું ગભરાઇ ગયા અને પોતપોતાના
દેવને પ્રાર્થના કરવા લાગ્યા. તેઓએ વહાણને હલકું કરવા
તેમાંનો માલસામાન દરિયામાં ફેકી દીધો. પણ યોનાહ
વહાણમાં ચાલ્યો ગયો હતો અને નીચે સૂતો પડ્યો હતો.
6વહાણના કપ્તાને કહ્યું, "શા માટે તું સુતો છે? ઉભો થા!
તારા દેવને પ્રાર્થના કર! કદાચ તે આપણા પર દયા દર્શાવે
અને આપણે નહીં મરીએ."

## આ તોફાન કેમ આવ્યું?

7તેથી ખલાસીઓએ એકબીજાને કહ્યું, "ચાલો, આપણે
ચિઠ્ઠીઓ નાખીને જોઈએ કે કોને લીધે આપણા પર આ
વિઘ્ન આવ્યું છે."
આથી તેમણે ચિઠ્ઠીઓ નાખી અને યૂનાની પસંદગી થઈ.
8એટલે 'યૂના'ને તેઓએ પૂછયું, "શાના લીધે અમારા પર આ
મુસીબત ઉતરી છે? તારો વ્યવસાય શું છે? તું ક્યાંથી આવે
છે? તારો દેશ કયો છે? અને તું કઇ જ્ઞાતિનો માણસ છે?"
9તેથી યૂનાએ કહ્યું, "હું મિસરી છું, અને હું આકાશના દેવ
યહોવાને પૂજું છું, જેણે ધરતી અને સમુદ્ર બંનેનું સર્જન કર્યુ
છે. 10આથી તે માણસો વધારે ડરી ગયા, તેઓએ તેને કહ્યું,
"તે આ શું કર્યુ? કારણકે તેના કહેવાથી તેમણે જાણ્યું કે તે
યહોવાની હજૂરમાંથી ભાગી જાય છે."
11સમુદ્ર વધારે ને વધારે વિષમ થયો, એટલે તેઓએ
તેને કહ્યું, "અમે તને શું કરીએ તો સમુદ્ર શાંત થાય?"
12યૂનાહે તેઓને કહ્યું,"મને ઉપાડીને દરિયામાં તેને શાંત
કરવા માટે નાખી દો. કારણ મને ખબર છે કે મારે કારણે તમે
આ શક્તિશાળી વાવાઝોડામાં સપડાયા છો."
13ખલાસીઓએ વહાણને પાછું કાંઠે લાવવા માટે
હલેસા મારવા પ્રયત્ન કર્યા, પણ તેઓ સફળ થયા
નહીં, કારણ દરિયો વધારે ને વધારે વિષમ થતો જતો
હતો.

## યૂનાને સજા

14તેથી તેઓએ યહોવાને પ્રાર્થના કરી, "ઓ યહોવા, અમે
તને કાલાવાલા કરીએ છીએ, આ માણસનો જીવ લેવા માટે
અમે મરી જઈએ એવું ના કરતાં, અમારા માથે નિર્દોષની
હત્યા નાખતો નહીં. કારણ, ઓ યહોવા, તમે જેમ તમને
ઠીક લાગ્યું તેમ કર્યુ છે."
15પછી તેઓએ યૂનાને પકડી લીધો અને સમુદ્રમાં ફેંકી
દીધો અને સમુદ્ર શાંત થયો. 16આથી ખલાસીઓ યહોવાથી
ખૂબ ડરી ગયા, અને તેઓએ યહોવાને બલિ અર્પ્યો, અને
તેને વિશિષ્ટ વચનો આપ્યાં.
17યૂનાને ગળી જવા માટે યહોવાએ એક મોટી માછલી
નિર્મિત્ત કરી હતી અને ત્રણ દિવસ અને ત્રણ રાત 'યૂના'
માછલીના પેટમાં રહ્યો.

## યૂનાની પ્રાર્થના

2 યૂનાએ માછલીના પેટમાંથી યહોવાને પ્રાર્થના કરી.
2તેણે કહ્યું,"મારી વિપત્તિમાં મેં યહોવાને બોલાવ્યા અને
તેમણે મને પ્રત્યુત્તર આપ્યો મૃત્યુની ઊંડી ખીણમાં મેં મદદ
માટે રૂદન કર્યુ અને તમે મને સાંભળ્યો.
3કારણકે તમે મને સમુદ્રના ઊંડાણમાં ફેંક્યો, પાણીના
મોજાઓએ મને બધી બાજુથી ઢાંકી દીધો.
4ત્યારે મને થયું, 'મને તમારી નજર આગળથી ફેંકી દેવામાં
આવ્યો છે' તો પણ હું ફરીથી તમારા પવિત્રમંદિર તરફ
જોઇશ.
5પાણીની ભીંસથી હું મરવા જેવો થઇ ગયો હતો, મહાસાગર
મને ચોમેરથી ઘેરી વળ્યો હતો, મારા માથા ફરતે દરિયાઈ
વેલા વીંટાઇ ગયા હતા.
6હું નીચે પર્વતોના મૂળ તરફ ગયો, પૃથ્વીએ સદા માટે
મને બંધી કર્યો. પણ ઓ મારા દેવ યહોવા તે મને ઉંડી
કબરમાંથી બહાર કાઢયો.
7જ્યારે મારું જીવન તાજગી ગુમાવી રહ્યું હતું. મેં યહોવાને
યાદ કર્યા મારી પ્રાર્થના તારા પવિત્ર મંદિરમાં તારા કાને
પહોંચી.

8લોકો કે જેઓ દેવની નકામી મુતિર્ઓ પૂજે છે
તેઓ તે જ એકને ત્યાગી દે છે જે વફાદારીથી તેમની
દરકાર કરત.
9પણ હું બલિઓ અર્પીશ અને તમને ધન્યવાદ આપીશ.
હું મારા વચનો જાળવીશ. તારણ યહોવાથી આવે છે."
10પછી યહોવાએ માછલીને આજ્ઞા કરી, ને તેણે યૂના ને
કોરી જમીન પર ઓકી નાખ્યો.

## દેવનું આમંત્રણ અને યૂનાનુ આજ્ઞા પાલન

3 પછી યહોવાએ યૂના સાથે બીજી વાર વાત કરી, 2"ઊભો
થા, મહાનગર નિનવેહ જા, હું તને કહું તે સંદેશો તેમને
આપ."
3આથી યૂના ઉભો થયો અને યહોવાએ કહ્યું હતું તેમ
નિનવેહ ગયો. નિનવેહ બહુ મોટુ શહેર હતું. શહેરમાંથી
પસાર થતાં ત્રણ દિવસ લાગ્યાં.
4પ્રથમ દિવસે યૂના શહેરમાં ગયો અને જાહેર કર્યુ, "ચાલીસ
દિવસ પછી નિનવેહનો નાશ થશે."
5નિનવેહનાં લોકોએ દેવ પર વિશ્વાસ કર્યો અને
તેઓએ ઉપવાસ કરવાનો અને વિશિષ્ટ શોક વસ્ત્રો
ધારણ કરવાનો નિર્ણય કર્યો. નાનાથી મોટા બધાંએ આમ
કર્યુ. 6સમાચાર સાંભળી નિનવેહનો રાજા તેની ગાદી પરથી
નીચે આવ્યો અને તેનો ઝભ્ભો ઉતારી શણના શોક વસ્ત્રો
ધારણ કર્યા અને રાખમાં બેઠો. 7રાજાએ એક વિશેષ સંદેશો
બહાર પાડ્યો:

> રાજા અને તેના અધિકારીઓના પ્રભુત્વથી આ નિયમ
> હતો. માણસ કે ચોપગા પશુ, કે પશુપક્ષીના સમૂહને
> કંઈ ખાવા ન દો. તેમને ચરવા કે પાણી પીવાની
> પરવાનગી ન આપો.
> 8માણસો અને પ્રાણીઓએ શણના વસ્રો પહેરવાજ
> અને દેવ તરફ જોરથી વિલાપ કરવોજ. દરેકે તેના દુષ્ટ
> રસ્તાઓ બદલવા અને તેમનાં ખરાબ કૃત્યો બંધ કરવા.
> 9કોને ખબર દેવ, કદાચ વિચાર બદલે અને તેના રોષથી
> ફરી જાય તેથી આપણો નાશ ન થાય.

10દેવે તેમના કૃત્યો જોયા. તેણે જોયું કે તેઓએ તેમના
દુષ્ટ રસ્તાઓ છોડી દીધાં હતાં. તેથી તેણે તેઓ પર દયા
વરસાવી. તેણે વિચાર બદલ્યો અને સજાની યોજના પડતી
મૂકી. તેણે તેની યોજના પાર કરી નહીં.

## યૂનાનો ક્રોધ ને દેવની કરૂણા

4 પરંતુ યૂનાને આ પસંદ પડ્યું નહીં અને તે ગુસ્સે
થયો. 2તેણે યહોવાને પ્રાર્થના કરી, "ઓ યહોવા, તમે
આમજ કરશો એમ હું જાણતો હતો! એટલા માટે હું પહેલાં
તાર્શીશ ભાગી ગયો. મને ખબર હતી કે તમે તો કૃપાળુ અને
દયાળુ દેવ છો! તમે ઝડપથી ગુસ્સે થતા નથી અને તમે બહુ
કૃપા ધરાવો છો. તે તમે ચૂકાદાને લગતાં તમારા વિચારો
બદલો છો. 3માટે હવે, ઓ યહોવા, તમે મારા પ્રાણ હરી લો,
હું જીવવા કરતા મરવાનું વધારે પસંદ કરું છું."
4પછી યહોવાએ કહ્યું, "તું આમ ગુસ્સે થાય છે તે શું
યોગ્ય છે?"
5ત્યારબાદ યૂના નગર બહાર ગયો અને પૂર્વ દિશા તરફ
બેઠો. ત્યાં તેણે પોતાને માટે આશ્રયસ્થાન બાંધ્યું. પછી તે
તેની છાયામાં બેસી નગરનું શું થાય છે તે નિહાળવાને રાહ
જોતો બેસી રહ્યો.

## એરંડાનો છોડ અને કીડાં

6દેવ યહોવાએ કીકાયોનનો એરંડાનો એક વેલો યૂના
ઉપર ઉત્પન્ન કર્યો, કે જેથી તે તેના માથા ઉપર છાયા કરીને
તેની ગમગીની દૂર કરે. એ કીકાયોનના વેલાને લીધે યૂના
બહુજ ખુશ હતો.
7પંરતુ બીજી સવારે દેવની યોજના મૂજબ, એક કીડો
છોડ ખાઈ ગયો અને તે સુકાઈ ગયું.
8પછી જ્યારે સૂર્ય આકાશમાં ઉંચે ઉગ્યો, દેવે ગરમ પૂર્વિય
પવનને યૂના ઉપર મોકલ્યો. તેથી યૂનાનાં માથા પરની
સૂર્યની ગરમીએ યૂનાને નબળો બનાવ્યો અને તેણે મૃત્યુ
માંગ્યું તેણે કહ્યું, "હું જીવવા કરતાં મરવાનું પસંદ કરું છું. "
9પરંતુ દેવે 'યૂના'ને કહ્યું, "વેલો નાશ પામ્યો તેથી તું આમ
ગુસ્સે થાય તે યોગ્ય છે?"
યૂનાએ કહ્યું, "હા તે યોગ્ય છે. હું ગુસ્સે થઈ રહ્યો છું અને
મરવા ચાહું છું."
10પછી યહોવાએ કહ્યું, "તે કદીય છોડનું પાલન કે
દેખભાલ ન કરી. તે રાતો રાત ઉગ્યું અને તે રાતોરાત મરી
પણ ગયું. પણ હવે તું છોડ વિષે દુઃખી છે. 11પછી શા માટે
મારે નિનવેહના મહાન શહેર માટે દિલગીર ન થવું જેમાં
1,20,000 લોકો છે જેઓને ખરાખોટાની ખબર નથી અને
જ્યાં ઘણા પશુઓ છે."